૧૩૩/૫૧

રાજયની યુનિવર્સિટીઓ તેમજ યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત તથા ભરતી અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬.૦૮.૨૦૧૭

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા.૧૯.૦૫.૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ એનજીસી-૧૧૨૦૦૯-૩૭૩૪-પાર્ટફાઇલ-ખ

૨. શિક્ષણ વિભાગના તા.૧૪.૦૯.૨૦૧૧ અને તા.૧૭.૦૨.૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ એનજીસી-૧૧૨૦૧૦-૩૨૬૯-ખ

૩. યુ.જી.સી. રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન,૨૦૧૦ તા.૩૦.૦૬.૨૦૧૦ અને તેમાં કરવામાં આવેલ બીજો સુધારો-૧૩.૦૬.૨૦૧૩, ત્રીજો સુધારો-૦૪.૦૫.૨૦૧૬ અને ચોથો સુધારો તા.૧૧.૦૭.૨૦૧૬

૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગરનો તા.૧૭.૦૯.૨૦૧૬ પત્રક્રમાંકઃ OW/ISC/2016 /38420

ઠરાવ:

રાજયની યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજના શિક્ષકો અને બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયક માટે યુ.જી.સી.રેગ્યુલેશન્સ,૨૦૧૦ માં સમાવિષ્ટ શૈક્ષણિક લાયકાત, અનુભવ અને ભરતી પ્રક્રિયાની જોગવાઇ અનુક્રમે વંચાણે લીધેલ ક્રમાંક-(૧) અને (૨) ના ઠરાવોથી સ્વીકારવામાં આવેલ છે. ત્યારબાદ યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ માં ત્રીજો સુધારો તા.૦૪.૦૫.૨૦૧૬ અને ચોથો સુધારો તા.૧૧.૦૭.૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તે મુજબ લાયકાતના ધોરણોમાં સુધારો કરવા અંગે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના પત્રથી દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, રાજયની યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજના શિક્ષકો તથા બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયક માટે યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ માં થયેલ ત્રીજા સુધારા તા.૦૪.૦૫.૨૦૧૬ અને ચોથા સુધારા તા.૧૧.૦૭.૨૦૧૬ માં સમાવિષ્ટ શૈક્ષણિક લાયકાત, અનુભવ અને ભરતી પ્રક્રિયાની જોગવાઇઓ સ્વીકારવાનું આથી ઠરાવવામાં આવે છે.

Scanned with CamScanner

૩. યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ માં થયેલ ત્રીજા અને ચોથા સુધારોઓને આધારે રાજયની યુનિવર્સિટીઓ દ્વારા યુનિવર્સિટીના સંબંધિત સ્ટેચ્યુટસ, ઓર્ડીનન્સ કે રુલ્સ- રેગ્યુલેશનમાં આનુષાંગિક સુધારાઓ કરવા સત્વરે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૪. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૪.૦૮.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપક પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અનેટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- સેક્શન અધિકારીશ્રી, ખ-૧, ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Scanned with CamScanner